





# જંગલનો ન્યાયી શેર

વારતા રે વારતા

એક વખતની વાત છે. દૂર એક વિશાળ અને સુંદર જંગલ હતો. ઊંચા વૃક્ષો, વહેતી નદીઓ અને રંગબેરંગી પક્ષીઓથી ભરેલું એ જંગલ ખુબ જ આનંદમય લાગતું. આ જંગલમાં એક શક્તિશાળી શેર રહેતો હતો. બધા પ્રાણીઓ તેને "જંગલનો રાજા" કહીને બોલાવતા. શેર ખૂબ બળવાન હતો, પરંતુ તેની સૌથી મોટી ઓળખ તેની બુદ્ધિ, ન્યાય અને દયા હતી.

શેરનો નિયમ હતો કે જંગલમાં કોઈ પણ પ્રાણી ડરથી નહીં, પરંતુ વિશ્વાસથી જીવે. નાના પ્રાણીઓ પણ નિર્ભય બનીને ફરતા. હરણ શાંતિથી ચરતા, સસલાં રમતા, વાંદરાં ઝાડ પર ઉછળકૂદ કરતા અને પક્ષીઓ નિર્ભયતાથી ગાતા.

એક દિવસ જંગલમાં અજીબ વાત ફેલાઈ. રાતના સમયે કેટલાક પ્રાણીઓનો ખોરાક ગાયબ થવા લાગ્યો. કોઈને ખબર ન હતી કે ચોરી કોણ કરે છે. નાના પ્રાણીઓ ખૂબ ડરી ગયા. હરણો કહેવા લાગ્યા, "આ રીતે ચાલશે તો આપણે ભૂખ્યા રહી જઈશું." સસલાં તો ગુફામાં છુપાવા લાગ્યા.

આ વાત જ્યારે શેર સુધી પહોંચી, ત્યારે તેણે તરત જ નિર્ણય કર્યો. બીજા દિવસે સવારે તેણે મોટું સંમેલન બોલાવ્યું. બધા પ્રાણીઓને મોટા વટવૃક્ષ નીચે એકઠા થવા કહ્યું.

શેર ગંભીર અવાજમાં બોલ્યો,

"જંગલમાં અણ્યાય કે ડર સહન નહીં થાય. ચોરી કરવી ખોટું છે, પરંતુ કોઈ મુશ્કેલીમાં હોય તો તેની મદદ કરવી પણ આપણી ફરજ છે."

બધા પ્રાણીઓ એકબીજાને જોવા લાગ્યા, પરંતુ કોઈ બોલ્યું નહીં. થોડા સમય પછી, ભીડમાંથી એક લંગડું અને નબળું શિયાળ ધીમે ધીમે આગળ આવ્યું. તેની આંખોમાં આંસુ હતા. તે માથું ઝુકાવી બોલ્યું,

"મહારાજ, ભૂલ મારી છે. હું બીમાર હતો. શિકાર કરી શકતો નહોતો. ભૂખ સહન ન થઈ અને મેં ખોરાક ચોરી લીધો."

આ સાંભળીને કેટલાક પ્રાણીઓ ગુસ્સે થયા. વાંદરે કહ્યું, "ચોરી તો ગુનો છે!" હરણ પણ નારાજ થયું. પરંતુ શેરે બધાને શાંત રહેવા ઇશારો કર્યો.

શેરે શિયાળને પુછ્યું,

"તમે પહેલાં મને કેમ ન કહ્યું?"

શિયાળે ધીમા અવાજમાં જવાબ આપ્યો,

**"આ જંગલમાં કોઈ પણ પ્રાણી ભૂખ્યું નહીં રહે. જો કોઈ મુશ્કેલીમાં હશે, તો તે નિર્ભયતાથી મારી પાસે આવી શકે. પરંતુ જો કોઈ જાણબૂઝીને ફરી ચોરી કરશે, તો તેને દંડ મળશે"**

"મને ડર લાગતો હતો કે તમે સજા આપશો."

શેરે ગંભીર પરંતુ પ્રેમભર્યા અવાજમાં કહ્યું,

"સજા કરતા પહેલાં સમજ જરૂરી છે. ડરથી નહીં, વિશ્વાસથી જંગલ ચાલે છે."

શેરે તરત જ આદેશ આપ્યો,

"આ શિયાળ બીમાર છે. બધાં મળીને તેની મદદ કરો." હરણોએ તાજું ઘાસ લાવી આપ્યું, વાંદરાઓ ફળ લઈને આવ્યા, કાચબાએ પાણીની વ્યવસ્થા કરી અને પક્ષીઓ આનંદભર્યા ગીત ગાઈને તેને હિંમત આપતા રહ્યા. થોડા દિવસોમાં શિયાળ સ્વસ્થ થઈ ગયો.

પછી શેરે ફરી બધાં પ્રાણીઓને સંબોધ્યા,

"આ જંગલમાં કોઈ પણ પ્રાણી ભૂખ્યું નહીં રહે. જો કોઈ મુશ્કેલીમાં હશે, તો તે નિર્ભયતાથી મારી પાસે આવી શકે. પરંતુ જો કોઈ જાણબૂઝીને ફરી ચોરી કરશે, તો તેને દંડ મળશે."

બધા પ્રાણીઓ ખુશ થઈ ગયા. તેમને સમજાયું કે શેર માત્ર શક્તિશાળી રાજા નથી, પરંતુ સાચો નેતા છે. ત્યારથી જંગલમાં ફરી શાંતિ છવાઈ ગઈ. પ્રાણીઓ એકબીજાની મદદ કરવા લાગ્યા અને વિશ્વાસ વધ્યો. શેર દૂર ઊભો રહીને આ બધું જોયું અને મનમાં વિચારી ખુશ થયો કે સાચું રાજ શક્તિથી નહીં, પરંતુ ન્યાય અને દયાથી ચાલે છે.

## ઘોડો બેસી કેમ નથી શકતો, ઊભા ઊભા સૂવાની એવી તો શું મજબૂરી ?





મોટા ભાગે તમે ઘોડાને દોડતા કે પછી ઊભો હોય ત્યારે જોયો હશે. નાનપણથી જ તમે એ વાત તો જાણતા હશો કે ઘોડો ક્યારેય પણ બેસતો નથી. પરંતુ સવાલ એ થાય છે કે એવું તો શું છે કે ઘોડો ક્યારેય પણ બેસતો નથી. ઘોડો હંમેશા આપણને ઊભો રહેલો જ કેમ દેખાય છે. આજે અમે તેના વિશે તમને સંપૂર્ણ માહિતી આપીશું.

ઘોડો બેસી નથી શકતો તેના પાછળનું સૌથી મોટું કારણ છે તેના શરીરની બનાવટ. આપને જણાવી દઈએ કે ઘોડાનું વજન વધારે હોય છે. બીજું કે તેના પગ પાતળા અને લાંબા હોય છે. જેથી તેને બેસવામાં તકલીફ થતી હોય છે.


એવું નથી કે ઘોડો બિલકુલ પણ બેસી નથી શકતો. જો ઘોડાને બેસવું હોય તો તેને શરીર પર અને તેના પગ પર વધારે પડતું દબાણ આપવું પડે છે. બીજું કે ઘોડાને દોડવું વધારે પસંદ હોય છે. તેમને ડર હોય છે કે જો તેઓ બેઠા અને પછી ભાગવું પડ્યું તો સમય વધારે લાગી શકે છે. જેથી તેઓ આ મુદ્દે બેસવાનું ટાળતા હોય છે.

વૈજ્ઞાનિકોના જણાવ્યા પ્રમાણે ઘોડાને એક્ટિવ રહેવું વધારે પસંદ છે. સામાન્ય રીતે ઘોડાઓ ઊભા રહેવાનું પસંદ કરતા હોય છે. તેમના પગની બનાવટ ઊભા રહેવા માટે એકદમ યોગ્ય હોય છે. સૌથી મોટી વાત એ છે કે એવું જરા પણ નથી કે ઘોડો બેસી નથી શકતો. તે ત્યારે જરૂરથી બેસી જાય છે જ્યારે તે થાકી ગયો હોય. અથવા તો ઘોડો બીમાર હોય કે પછી તેને વાગ્યું હોય તો તે બેસતો હોય છે.



ઉલ્લેખનીય છે કે તમે સર્કસમાં જોયું હશે કે ઘોડો બેસી જતો હોય છે. ખરેખરમાં ત્યાં તેને ટ્રેનિંગ આપવામાં આવે છે જેથી તેને બેસવું પડે છે.

## હેપ્પી બર્થડે



નામ : ફ્રેયલ પંચાલ
માતા : જલ્પા વી પંચાલ




નામ : દિવ્યાંશ પટેલ
માતા : સંગીતા પટેલ



નામ : ઈશિવ પંડ્યા
માતા : તેજલ પંડ્યા

## રસ્તો શોધો





## તફાવત શોધો





## ટપકાં જોડો



## શબ્દો શોધો



## PUZZLE ZONE

ડો. ચંદ્રેશ જરદોશ

### SIGN GAME

Q1 ખાલી જગ્યામાં આ સાથે જણાવેલ કોઈપણ સંજ્ઞા (+, - , ×, ÷) નો ઉપયોગ કરી સમીકરણ સાચું બનાવો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 9 | | 7 | | 8 | | 6 | = | 12 |
| 2) | 9 | | 3 | | 2 | | 4 | = | 10 |
| 3) | 8 | | 2 | | 1 | | 3 | = | 02 |

### CHANGE THE WORD

Q2 આપેલા શબ્દોમાંથી દર વખતે એક અક્ષર બદલી નવો શબ્દ બનાવી છેલ્લો શબ્દ બનાવો.

| | | |
|---|---|---|
| S | U | N |
| | | |
| | | |
| C | O | W |

### CHHOTA SUDOKU

Q3 આપેલા (9) ચોરસના સમૂહમાં 1 થી 9 ના અંકો એવી રીતે મૂકો કે દરેક વર્તુળની આજુબાજુના 4 ચોરસનો સરવાળો વર્તુળમાં દર્શાવેલા અંક જેટલો જ થાય. દરેક અંકનો ઉપયોગ માત્ર એક જ વખત કરવાનો છે કેટલાક અંકો ચોરસમાં આપેલા જ છે.

| | | |
|---|---|---|
| 1 | | |
| | 5 | |
| | 8 | |

વર્તુળો: 14, 14, 26, 26

### BROKEN WORDS

Q4 નીચે આપેલા તૂટેલા શબ્દોને આપેલ ચાવીની મદદથી જોડીને એકાઉન્ટને સંબંધિત 7 શબ્દો બનાવો.

| | | | | |
|---|---|---|---|---|
| AC | NK | UAL | PI | LA |
| NCE | AS | CA | CO | CA |
| CR | TAL | BA | SH | UNT |
| BA | AC | SET | | |

| ચાવી | શબ્દો |
|---|---|
| 4 અક્ષર | 2 |
| 5 અક્ષર | 1 |
| 7 અક્ષર | 4 |

જવાબ
1. BANK
2. CASH
3. ASSET
4. ACCOUNT
5. ACCRUAL
6. BALANCE
7. CAPITAL

### જવાબો

Q1

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 9 | + | 7 | ÷ | 8 | × | 6 | = | 12 |
| 2) | 9 | ÷ | 3 | × | 2 | + | 4 | = | 10 |
| 3) | 8 | ÷ | 2 | + | 1 | − | 3 | = | 02 |

Q2

| | | |
|---|---|---|
| S | U | N |
| S | O | N |
| S | O | W |
| C | O | W |

Q3

| | | |
|---|---|---|
| 1 | 2 | 3 |
| 6 | 5 | 4 |
| 7 | 8 | 9 |

વર્તુળો: 14, 14, 26, 26